ગાંધીનગર સમાચાર

શહેરી બસ સેવાના કંટ્રોલરૂમમાં ફોન જ નથી

@ગાંધીનગર

શહેરમાં પ્રવેશોત્સવનો માહોલ

બોરીજ અને ગોકુળપુરા પ્રા. શાળામાં અગ્રસચિવ એમ.એસ. ડાગુર તેમજ ઉત્તરના ધારાસભ્યએ ભુલકાઓને પ્રોત્સાહિત કર્યા

ગાંધીનગર, તા.૧૬

બોરીજ તેમજ ગોકુળપુરા પ્રાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.બોરીજ પ્રાથમિક શાળાના ૨૭ટકા જેટલા વિદ્યાર્થીઓએ મોટા થઈને શિક્ષક બનવાની ઈચ્છા વ્યકત કરી હતી. જયારે પાંચ વિદ્યાર્થીઓએ સંગીત ક્ષેત્રે આગળ વધવાની ખેવના વ્યકત કરી હતી. બોરીજ પ્રાથમિક શાળામાં ધો-૧માં ૫૧ તેમજ આંગણવાડીમાં ૪૧ સહિત ૯૨ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો જયારે ગોકુળપુરા પ્રાથમિક શાળાના ૪૯ ભુલકાઓની પ્રવેશવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે આજે બોરીજ ગામની પ્રાથમિક શાળામાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ એમ.એસ. ડાગુરે ધોરણ-૧ના ૫૧ અને આંગણવાડીના ૪૧બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરાવી હતી.

પ્રવેશવિધી સંપન્ન કરાવવા માટે યોજાયેલ સમારંભમાં અગ્રસચિવ એમ.એસ. ડાગુરે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું તેમજ બાળકો સાથે હળી મળી જવા માટે તેઓએ બાળકો સાથે સહજતાથી વાતનો આરંભ કર્યો હતો.

તેઓએ બાળકોને ડોકટર કોને બનવું છે...? એન્જિનીયર કોને બનવું છે? શિક્ષક કોને બનવું છે? તેવા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આપ્યા હતા. પણ શિક્ષક બનવા શાળાના આંદાજે ૭૦ટકા બાળકોએ ઈચ્છા વ્યકત કરી હતી તેમજ સંગીતક્ષેત્રે આગળ વધવા માટે પાંચ જેટલા બાળકોએ ઈચ્છા વ્યકત કરી હતી.

પ્રવેશવિધિ સંપન્ન કરાવ્યા બાદ અગ્ર સચિવ એમ.એસ. ડાગુરે શાળાના વિવિધ વર્ગોની મુલાકાત લીધી હતી. બાળકોની પાસે ગણન, લેખન અને વાંચન કરાવ્યું હતું તેમજ બાળકોના સામાન્ય જ્ઞાનની પણ ચકાસણી કરવામાં આવી હતી તેમજ ધોરણ-૩ થી ૮ના વર્ગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું અને રોકડ દાન કરનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળામાં ગાંધીનગર મહાનગરપાલિકાના સેનિટેશન સુપ્રીટેડેન્ટ એસ.એમ. ચૌધરી, આચાર્ય કાશ્મીરાબેન વ્યાસ, એમ.એસ.સી.ના અધ્યક્ષ ચંદ્રસિંહ રાઠોડ સહિત વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગર શહેરની ગોકુળપુરા સરકારી પ્રાથમિક શાળા અને તક્ષશિલા માધ્યમિક શાળામાં આજ રોજ ધારાસભ્ય અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓની શાળા પ્રવેશવિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે ગોકુળપુરા પ્રાથમિક શાળામાં ધારાસભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે કોઈ પણ ઘર, સમાજ,ગામ, નગર, શહેર કે રાજયનો સર્વાંગી વિકાસ કરવા માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. શિક્ષણ થકી જ સમાજમાંથી અંધશ્રધ્ધા, કુરિવાજો જેવી બાબતો દુર થશે તેવું કહી દીકરા દીકરીને એક સમાન ગણીને બંનેને સમાન શિક્ષણ આપવા સર્વે ઉપસ્થિત વાલીઓને અનુરોધ કર્યો હતો. તેઓએ શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને શાળામાં યોજાતી નિબંધ, વકતૃત્વ, ચિત્ર, સંગીત, રમત ગમત જેવી તમામ સ્પર્ધા-પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવા જણાવીને તેનાથી થતા લાભોની દૃષ્ટાંત પૂર્વકની વાત કરી હતી.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ના હસ્તે ગોકુળપુરા પ્રાથમિક શાળામાં ધો-૧માં ૩૨ અને આંગણવાડીમાં ૧૭ ભુલકાઓ તથા તક્ષશિલા માધ્યમિક શાળામાં ધોરણઃ૯ના ૧૭ વિદ્યાર્થીઓની પ્રવેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે મહાનગરપાલિકાના વહીવટી અધિકારી દિપકભાઈ સોલંકી, સી.આર.સી. કોર્ડીનેટર નયનાબેન બ્રહ્મભટ્ટ સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં વ્હીલચેરની અછતને પગલે ઓર્થોપેડીક અને શારિરીક અશકતતા ધરાવતા દર્દીઓને સ્નેહીજનોએ ઉંચકીને આમથી તેમ ફરવું પડે છે.

● સે-૧૨ રાજપૂત ભવન ખાતે આજે બપોરના સુમારે એક રુમનો પંખો નીચ પડયો હતો. જેને પગલે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા અને રૂમમાં રહેતા ઉમેદવારને પગમાં વાગતા સામાન્ય ઈજા પહોંચી હતી.

● શહેરના ઘ-૩ સર્કલ પર સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત એલઈડી સ્ક્રીન ફીટ કરવામાં આવી છે પરંતુ કોઈ કારણોસર આ એલઈડી સ્ક્રીન દર આંતરે દિવસે કાઢી દેવામાં આવે છે.જેથી નગરજનો પણ મુંઝાયા છે કે આ સ્ક્રીન શા માટે મુકવામાં આવી છે.

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૯ કલાકનો રહેશે.

● સુંદરધામ પરિવાર દ્વારા શુક્રવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે નવરાત્રી ચોક, પ્લોટ નં. એન/૯૯ પાસે, ન્યુ ગ્રીનસીટી, સે-૨૬ ખાતે ભારતીબાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

બાબા સાહેબ યુનિવર્સિટીમાં ૩૦મી સુધી કોર્ષમાં પ્રવેશ

ગાંધીનગર, તા.૧૬

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સીસીસી, બીએ અને એમએમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ૩૦મી જુન સુધી પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવનાર છે. સરકારી વિનિયન કોલેજ, સેકટર-૧૫ ખાતે આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ સર્ટીફીકેટ અને ડિપ્લોમા કોર્ષ માટે સત્વરે ફોર્મ ભરવાના રહેશે.

આજ રોજ સેકટર-૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ ૨૦૧૬ની ઉજવણી કરાઈ હતી. જેમાં આંગણવાડીના ૧૦ બાળક અને ધોરણ-૧ના ૨૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકોનુ મુલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર રાકેશભાઈ, પૂર્વ મેયર દર્શના અડાલજા તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરજદારોને પરેશાન ન કરવા એસ.પી.ની કડક સુચના

હાશ... હવે પોલીસ ફરિયાદ કરાવવા એફીડેવીટના ધક્કા મટયા..!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ મથકોમાં હવે કોઈ પણ અરજદારે વાહન ચોરી, મોબાઈલ ચોરી કે પર્સ ચોરી જેવા ગુનાઓની ફરિયાદ કરવા માટે કે પોતે કોઈ ગુનામાં સંડોવાયેલા નથી તે દર્શાવતું પોલીસનું એન.ઓ.સી. લેવા માટે હવે એફીડેવીટ આપવું નહીં પડે...! ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવને આ એફીડેવીટની બિનજરૂરી પ્રોસેસમાંથી અરજદારોને પરેશાન થવું પડતું હોવાની માહિતી મળતા પ્રજાલક્ષી નિર્ણય લીધો છે કે હવે એફીડેવીટ આપવું નહીં પડે..! એસ.પી.એ જિલ્લાના તમામ પોલીસ મથકમાં કડક સુચના આપી અરજદારોને એફીડેવીટના બહાને પરેશાન ન કરવા આદેશ કર્યો છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવને ધ્યાને એવી બાબત આવી હતી કે જે અરજદારોને પોલીસ ફરીયાદ કરતા પહેલા જ ધક્કે ચઢાવી પરેશાન કરી રહી છે. એટલે કે કોઈ નાનામાં નાનો ગુનો બન્યો હોય અને તે અંગે ફરીયાદ કરવી હોય તો પોલીસને પહેલા એફીડેવીટ આપવું પડતું હતું..! મોબાઈલ, ચોરી, વાહન ચોરી, પર્સ ચોરી ઉપરાંત કોઈ વ્યકિતની ગુનામાં સંડોવણી નથી તે સંબંધીત એન.ઓ.સી. લેવું હોય તો પણ પોલીસ અરજદાર પાસે પહેલા એફીડેવીટ કરાવડાવતી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને એસ.પી.એ અરજદારોને એફીડેવીટના નામે બિનજરૂરી હેરાન ન કરવા તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને કડક સુચનાઓ આપી એફીડેવીટની માંગણી (પાસપોર્ટ ગુમ થયા અંગેની ફરિયાદ સિવાય) એકેય નાના ગુનાની ફરિયાદ માટે ન કરવા હુકમ કર્યો છે. એસ.પી.એ આ પ્રજાલક્ષી નિર્ણયને પગલે અરજદારોને ફરિયાદ કરાવવા એફીડેવીટના ધક્કામાંથી મુકિત મળશે. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના જણાવ્યા મુજબ જો કોઈ અરજદાર ખોટી ફરિયાદ આપી રહ્યો હોવાનું ધ્યાને આવે તો તે અરજદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પોલીસને સત્તા છે તો આવા કિસ્સામાં કાયદેસરથી કાર્યવાહી કરવા પોલીસને સુચના આપવામાં આવી છે.

વાહન, પર્સ કે મોબાઈલ ચોરીની ફરિયાદ એફીડેવીટ વગર પોલીસ હાથમાં જ પકડતી ન હતી : પોલીસનું એન.ઓ. સી. લેવા પણ પોતે કોઈ ગુનામાં ન હોવાનું એફીડેવીટ કરાવાતું હતું

છેતરપીંડીના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ યુવતી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસઓજીની ટીમે નાસતા ફરતા આરોપીઓનું લીસ્ટ તૈયાર કરીને તેનો અભ્યાસ કરી તેમને પકડી પાડવા બાતમીદારો સક્રિય કર્યા છે. ગઈ રાત્રી દરમિયાન બાતમીને આધારે એસઓજીની ટીમે કલોલ તાલુકા પોલીસ મથકના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ એક યુવતીને અમદાવાદથી પકડી પાડી હતી. યુવતીની ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તેણીને લાવવામાં આવી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી નાસતા ફરતા આરોપીઓને પકડવા ગાંધીનગર એસઓજી પી.આઈ. એમ.પી. ચૌહાણ તથા હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર, પી.બી. ચૌહાણ તથા તેમની ટીમ સક્રીય થઈ છે ત્યારે પીએસઆઈ એએસઆઈ કોકીલાબેનની ટીમે બાતમીને આધારે છેતરપીંડીના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ એક યુવતીને પકડવા અમદાવાદમાં વોચ ગોઠવી હતી આજે આ યુવતીને ટીમે પકડી પાડી હતી. કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં બે વર્ષ પહેલા યુવતી સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૪૪ મુજબ ગુનો દાખલ થયો હતો. તે આજ દિન સુધી નાસતી ફરતી હતી. યુવતી ઉષાબેન રાજેન્દ્રભાઈ સોલંકીની આજે ધરપકડ કરી લઈ ગાંધીનગર એસઓજીની ટીમે કલોલ તાલુકા પોલીસ મથકે આરોપીને સોંપી છે.

એબસ્કોન્ડર સ્કવોર્ડે વોન્ટેડ મોબાઈલ ચોરને પકડયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલની ટીમે વધુ એક નાસતો ફરતો આરોપી પકડી પાડયો છે. અડાલજ ખાતે સ્થિત સ્વાગત સીટીમાં રહેતા પ્રકાશ વિઠ્ઠલ પટેલ નામના આ શખ્સે મુંબઈ કલ્યાણ રેલવે પોલીસ સ્ટેશનની હદમાં મોબાઈલ ચોરી કર્યો હતો. મોબાઈલ ચોરીના ગુનામાં વોન્ટેડ આ આરોપીની એસીબીની ટીમે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક તરફ સરકાર પ્રવેશોત્સવ ઉજવી બાળકોને પ્રોત્સાહિત કરી રહી છે ત્યારે બીજી તરફ શહેરના બગીચાઓ કે જયાં બાળકો શાળએથી આવી રમવા જાય તે બગીચાઓની હાલત દિન પ્રતિદિન ખરાબ થઈ રહી છે. બગીચાઓ ફરતે ફેન્સીંગ તૂટી જવાથી રખડતા કૂતરા, ગાયો જેવા પ્રાણીઓ તથા માણસો પણ તેમાં ઘુસી જઈ ગંદકી ફેલાવે છે. તસવીરમાં સેકટર-૨૪ના બગીચાની દુર્દશા દેખાઈ રહી છે. જેથી તે બગીચો કરતા ઉકરડો હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. શહેરના બગીચાઓ જાણે મરણપથારીએ પડયા હોય એમ દેખાય છે. સીટી ઓફ ગાર્ડન વિકસાવવાની વાત તો એક તરફ રહી પણ બગીચાઓની જાળવણી માટે પણ તંત્ર સાવ બેદરકાર બની ગયું છે.

સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે સત્કાર સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ અને ઓરિએન્ટેશન પ્રોગ્રામ બ્રહ્માણીકૃપા હોલમાં યોજાઈ ગયો. જીવનમાં આગળ વધવા માટે અને સફળતાની સીડીઓ સર કરવા માટે જયારે તેઓએ કોમ્પ્યુટર ક્ષેત્ર પસંદ કરેલ છે ત્યારે અત્યારથી જ તેઓ તેમના અભ્યાસની સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મૂલ્યો અને સંસ્કારોનું જતન કરે તેવા સંદેશ સાથે કોલેજ પરિવાર વતી તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ દ્વારા વિદ્યાર્થીઓને સત્કારતા તેઓને સંસ્થાની માહિતી આપીને કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે વ્યાપાર અને નોકરી બંને માટે રહેલી મંત્રાલાએ યુનિવર્સિટી તથા ટ્રસ્ટ વિષેની માહિતી આપતા તેઓની આંતરિક શકિતઓને ખીલવવા માટેના જરૂરી સૂચનો આપ્યા હતા.

ઉજજવળ તકો વિષે માહિતી આપી હતી. ઉપરાંત તેઓએ પોતાના વકતવ્યમાં આ સંસ્થામાં અભ્યાસ કરીને તેઓએ પોતાના માતા પિતાના સપનાઓને સાકાર કરવા માટે પહેલ કરવાનું જણાવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. કોલેજના પ્રાધ્યાપક ડૉ. અભિજિતસિંહ જાડેજાએ આગામી સમય દરમિયાન લેવાનાર બ્રિજ કોર્સ વિષે માહિતી આપતા ગમ્મત અને જ્ઞાન સાથે ગણિત, કમ્યુનિકેશન સ્કીલ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને કોમ્પ્યુટર ટેકનોલોજી જેવા વિષયોની છણાવટ કરી આ વિષયો તેઓના જીવનના વિવિધ તબક્કે કેટલા ઉપયોગી થશે તેની માહિતી આપી હતી. ઉપરાંત કોલેજના નીતિ નિયમોથી પણ વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતિમ ચરણમાં કોલેજના દરેક પ્રાધ્યાપક મિત્રોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પણ આવનારા ૩ વર્ષોમાં ખુબ જ સારો અભ્યાસ કરીને પોતાનું તથા સંસ્થાનું ગૌરવ વધારશે તેવું વચન આપ્યું હતું. આમ એક નવી દિશા તરફ આ વિદ્યાર્થીઓએ પોતાના જીવનની શરૂઆત કરી છે ત્યારે સંસ્થાના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ તેઓને ભવિષ્યમાં ખુબ આગળ વધવાની શુભેચ્છાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

શહેરી બસ સેવાના કંટ્રોલરૂમમાં ફોન જ નથી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પાટનગર શહેરી બસ સેવા શરૂ થઈ ત્યારથી આજ દિન સુધી ગાંધીનગર સ્થિત કંટ્રોલરૂમને ટેલીફોન ઉપલબ્ધ કરાયો જ નથી. દૈનિક હજારો મુસાફરોની આવન જાવન તેમજ વિવિધ રૂટ અને સમય સંબંધી પૂછતાછ માટે રૂબરૂ જ આવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયેલું છે. સુવિધાસભર બસ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પરંતુ મુસાફરો જ સમય અને બસ અંગે જાણકારી ન ધરાવી શકે તેવી દયનીય બાબત બની છે. જો કે મુસાફરોની ટેલીફોનિક પૃચ્છાથી દૂર રહેવા જ માંગણી થતી ન હોવાની શંકા મુસાફરો વ્યકત કરી રહ્યા છે.

વિકાસરૂટ ના નામે ચાલતી ગાંધીનગર-અમદાવાદ વચ્ચની પાટનગર શહેરી બસ સેવા શહેરીજનો અને અમદાવાદવાસીઓ માટે આર્શીવાદરૂપ બની છે. પરંતુ આ શહેરી બસ સેવાનું જયાંથી કંટ્રોલીંગ થાય છે તે કચેરીમાં શરૂઆતથી જ ટેલીફોન ઉપલબ્ધ નથી. અમદાવાદ તેમજ ગાંધીનગરના અલગ અલગ જાણકારી ફકત અને ફકત વિસ્તારોમાંથી મુસાફરોને લાવતી અને લઈ જતી આ શહેરી લાઈફલાઈન ગણાતી સેવાની દૈનિક અસંખ્ય મુસાફરો પાટનગર અને અમદાવાદ આવ જા કરે છે જેમાં સરકારી કર્મચારીઓ, કંપની કર્મચારીઓ તથા અનેક વ્યવસાયીકોનો સમાવેશ થાય છે.

બસ અને સમય સંબંધી પૂછપરછ માટે ફરજીયાત રૂબરૂ આવવું પડે તેવી સ્થિતિ, મુસાફરોની ટેલીફોનિક પૃચ્છાથી દુર રહેવા વર્ષોથી ફોનની માંગણી જ કરાઈ નથી, ગતિશીલ ગુજરાતના પાટનગરની વરવી વાસ્તવિકતા

પાટનગરની આ સેવાની જરૂરીયાત પ્રસંગે સમય અને બસ માટે કિંમતી સમય અને નાણાં બગાડીને રૂબરૂ મુલાકાતે ગાંધીનગરના કંટ્રોલરૂમમાં આવવું પડે છે. જો કે વર્ષોથી કાર્યરત આ પાટનગર સેવામાં અત્યંત જરૂરી એવી આ સુવિધા માટે તંત્રના અધિકારી સહિતના કોઈ જ કર્મચારીએ રસ લીધો નથી તે ખરેખર લોકોમાં આશ્ચર્ય પેદા કરી રહ્યું છે. વધુમાં અનુભવના આધારે મુસાફરોની ટેલીફોનિક પૃચ્છાથી દુર રહેવાનો મનસુબો કર્મચારીઓ ધરાવતા હોવાની શંકા પણ મુસાફરો વ્યકત કરી રહ્યા છે. રાજયભરનો જયાંથી વહીવટ થાય છે તે પાટનગરમાં જ આ સ્થિતિ પેદા થઈ છે ત્યારે ગતિશીલ ગુજરાતની વાસ્તવિકતા બહાર આવી છે.જેથી તાત્કાલિક આ સુવિધા ઉભી કરાય તેવી માંગ ઉઠી છે.

લીંબડીયા નર્મદા કેનાલમાંથી રતનપુરના યુવાનનો મૃતદેહ મળ્યો : ફુલ પધરાવવા જતા પગ લપસી ગયો હોવાની શકયતા

ગાંધીનગર નજીક આવેલ રતનપુર ગામનો ૩૬ વર્ષીય યુવાન ધુળાભાઈ પશાભાઈ પ્રજાપતિ ગઈ કાલે સાંજે પેટ્રોલ પુરાવવા જવાનું કહીને સ્કુટર લઈને ઘરેથી નિકળ્યા હતો. ગીફટ સીટી સ્થિત ડીસીએસની ઓફીસમાં તે પટાવાળા તરીકે ફરજ બજાવતો હતો મોડી રાત થઈ ગયા બાદ પણ ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન તેનું સ્કુટર લીંબડીયા નર્મદા કેનાલ બહારથી મળી આવતા કેનાલમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન તેનો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતકના ભાઈના જણાવ્યા મુજબ ફુલ પધરાવવા જતા પગ લપસી ગયો હોવાની શકયતા છે.

ચિરવિદાય

● સ્વ. પુરાણી રમાબેન ભાનુપ્રસાદ, ઉ.વ.૭૩

● સ્વ. ઠાકોર લક્ષ્મીબેન બચુભાઈ, ઉ.વ.૧૦૦